# શ્રી સાવિત્રીબાઇ ફૂલે નવોદય કોચિંગ સેન્ટર-થરાદ

## પ્રશ્નપત્ર-2

સમય : 2:00 કલાક | જવાહર નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષા | કુલગુણ : 100

**વિભાગ-1 : માનસિક યોગ્યતા પરીક્ષા (પ્રશ્ન 1 થી 50)**

### વિભાગ-I

➾ નીચેના 1 થી 5 માં દરેક પ્રશ્નમાં ચાર આકૃતિઓ (1), (2), (3) અને (4) આપેલી છે. આ ચાર આકૃતિઓમાં ત્રણ આકૃતિઓ અમુક રીતે સમાન છે અને એક આકૃતિ અસમાન છે. અસમાન આકૃતિ પસંદ કરી તમારો ઉત્તર અંગ્રેજી અંક (ઉદા. 1, 2, 3, 4)માં ઉત્તરપોથીમાં આપેલ બોક્સમાં અંગ્રેજીમાં લખો.

(1)



(2)



(3)



(4)



(5)



### વિભાગ-II

➾ નિર્દેશ : પ્રશ્નક્રમાંક 6 થી 10 માં એક કોયડા (સમસ્યાત્મક) આકૃતિ ડાબી બાજુએ અને ચાર ઉત્તર બતાવતી આકૃતિઓ (1), (2), (3) અને (4) અક્ષરમાં જમણી બાજુએ આપેલ છે. ઉત્તર બતાવતી આકૃતિ પસંદ કરો કે, જે બિલકુલ કોયડા આકૃતિની બરાબર છે અને તમારા ઉત્તરનો ક્રમાંક અંગ્રેજી અંક (ઉદા. 1, 2, 3, 4)માં ઉત્તરપોથીમાં આપેલ બોક્સમાં અંગ્રેજીમાં લખો.

(6) કોયડા (સમસ્યા) આકૃતિ





Scanned by CamScanner

(7) કોયડા (સમસ્યા) આકૃતિ





(8) કોયડા (સમસ્યા) આકૃતિ





(9) કોયડા (સમસ્યા) આકૃતિ





(10) કોયડા (સમસ્યા) આકૃતિ





## વિભાગ-III

➜ **નિર્દેશ :** પ્રશ્નનંબર 11 થી 15માં ડાબી બાજુએ એક કોયડા આકૃતિ આપેલ છે. જેમાંનો એક ભાગ અધૂરો છે. જમણી બાજુએ ઉત્તર આપતી આકૃતિ (1), (2), (3) અને (4) નું અવલોકન કરી ઉત્તર બતાવતી આકૃતિ શોધો કે, જેની દિશા બદલ્યા વિના કોયડા આકૃતિના અધૂરા ભાગમાં બંધબેસતી આકૃતિ પૂરી થાય. તમારો પસંદ કરેલ ઉત્તર આકૃતિનો ક્રમાંક આપેલ ઉત્તરપોથીમાં તમારા ઉત્તરનો અંગ્રેજી અંક (ઉદા. 1, 2, 3, 4)માં ઉત્તરપોથીમાં આપેલ બોક્સમાં અંગ્રેજીમાં લખો.

(11) કોયડા (સમસ્યા) આકૃતિ





(12) કોયડા (સમસ્યા) આકૃતિ





(13) કોયડા (સમસ્યા) આકૃતિ





Scanned by CamScanner

(14) કોયડા (સમસ્યા) આકૃતિ



(15) કોયડા (સમસ્યા) આકૃતિ



## વિભાગ-IV

નિર્દેશ : પ્રશ્નનંબર 16 થી 20માં ડાબી બાજુએ ત્રણ કોયડા આકૃતિ આપેલી છે અને ચોથી આકૃતિ માટે જગ્યા ખાલી રાખી છે. બધી આકૃતિઓ શ્રેણીમાં છે. જમણી બાજુએ આપેલી ઉત્તર આપતી આકૃતિઓ (1), (2), (3) અને (4) માંથી એક આકૃતિ શોધો કે જે ડાબી બાજુએ રાખેલી ચોથી આકૃતિ માટેની ખાલી જગ્યામાં સમાઈ જાય અને શ્રેણી પૂરી થાય. તમારા પસંદ કરેલા ઉત્તર આકૃતિનો ક્રમાંક આપેલ ઉત્તરપોથીમાં આપેલ બોક્સમાં અંગ્રેજી અંકમાં લખો.

(16) કોયડા (સમસ્યા) આકૃતિઓ



(17) કોયડા (સમસ્યા) આકૃતિઓ



(18) કોયડા (સમસ્યા) આકૃતિઓ



(19) કોયડા (સમસ્યા) આકૃતિઓ



(20) કોયડા (સમસ્યા) આકૃતિઓ



Scanned by CamScanner

## વિભાગ-V

➡ નિર્દેશ : પ્રશ્નનંબર 21 થી 25માં ત્રણ કોયડા આકૃતિ આપેલી છે અને ચોથી આકૃતિ માટે પ્રશ્નાર્થ ચિહ્ન (?) દર્શાવેલ છે. પહેલી બે કોયડા આકૃતિઓ એકબીજાથી સંબંધિત છે. તેવી જ રીતે ત્રીજી અને ચોથી આકૃતિઓમાં પણ સંબંધ છે. ઉત્તર બતાવતી આકૃતિઓ (1), (2), (3) અને (4) માંથી એક આકૃતિ પસંદ કરો કે, જે પ્રશ્નાર્થચિહ્નનું સ્થાન લે. તમે પસંદ કરેલો ઉત્તર આકૃતિનો ક્રમાંક આપેલ ઉત્તરપોથીમાં આપેલ બૉક્સમાં અંગ્રેજી અંકમાં લખો.

**(21)** કોયડા (સમસ્યા) આકૃતિઓ




**(22)** કોયડા (સમસ્યા) આકૃતિઓ




**(23)** કોયડા (સમસ્યા) આકૃતિઓ




**(24)** કોયડા (સમસ્યા) આકૃતિઓ




**(25)** કોયડા (સમસ્યા) આકૃતિઓ




## વિભાગ-VI

➡ નિર્દેશ : પ્રશ્નનંબર 26 થી 30 સુધીના પ્રશ્નોમાં જિઑમૅટ્રિક આકૃતિ (વર્ગ, ત્રિભુજ)ના એક ભાગ રેખાની ડાબી તરફ સમસ્યા આકૃતિના રૂપમાં આપેલી છે અને રેખાની જમણી તરફ આપેલી ચાર ઉત્તર આકૃતિઓ (1), (2), (3) તથા (4) માંથી કોઈ એક એનો બીજો ભાગ છે. જમણી તરફ આપેલી ઉત્તર આકૃતિઓમાંથી એ આકૃતિ શોધો જે એ જિઑમૅટ્રિક આકૃતિને પૂરી બનાવે છે. સાચો ઉત્તર પસંદ કરી સંલગ્ન ઉત્તર-પત્રિકાના દરેક પ્રશ્નની આગળ આપેલા બૉક્સમાં અંગ્રેજી અંકમાં ઉત્તર લખો.

**(26)** કોયડા (સમસ્યા) આકૃતિ




**(27)** કોયડા (સમસ્યા) આકૃતિ




Scanned by CamScanner

**(28)** કાયડા (સમસ્યા) આકૃતિ




**(29)** કોયડા (સમસ્યા) આકૃતિ




**(30)** કોયડા (સમસ્યા) આકૃતિ




## વિભાગ-VII

➠ નિર્દેશ : પ્રશ્નનંબર 31 થી 35 સુધીના પ્રશ્નોમાં ડાબી બાજુએ એક એક સમસ્યા આકૃતિ અને જમણી બાજુએ ચાર ઉત્તર આકૃતિઓ (1), (2), (3) તથા (4) આપેલી છે. આ ઉત્તર આકૃતિને પસંદ કરી, જે સમસ્યા આકૃતિની દર્પણ આકૃતિની બિલકુલ સદૃશ્ય હોય જ્યારે દર્પણને XY પર રાખેલું હોય. તમારા ઉત્તર શોધીને સંલગ્ન ઉત્તર-પત્રિકામાં દરેક પ્રશ્નની આગળ આપેલ બૉક્સમાં અંગ્રેજીમાં ઉત્તર લખો.

**(31)** કોયડા (સમસ્યા) આકૃતિ




**(32)** કોયડા (સમસ્યા) આકૃતિ




**(33)** કોયડા (સમસ્યા) આકૃતિ




**(34)** કોયડા (સમસ્યા) આકૃતિ




**(35)** કોયડા (સમસ્યા) આકૃતિ




Scanned by CamScanner

## વિભાગ-VIII

નિર્દેશ : પ્રશ્નનંબર 36 થી 40 સુધીના પ્રશ્નોમાં કાગળના એક ટુકડાને વાળવામાં આવે છે અને કેટલાક પ્રશ્નોમાં પંચ પણ કરવામાં આવે છે. જેમ કે, ડાબી બાજુએ સમસ્યા આકૃતિમાં બતાવવામાં આવ્યાં છે, તથા જમણી અને ડાબી તરફ ચાર ઉત્તર આકૃતિઓ (1), (2), (3) તથા (4) આપેલી છે. કાગળ ખોલ્યા પછી બનેલી આકૃતિને આપેલી ઉત્તર આકૃતિઓમાંથી શોધો તથા તમારા ઉત્તર અંક ઉત્તર-પત્રિકાના દરેક પ્રશ્નની આગળ આપેલા બૉક્સમાં અંગ્રેજીમાં ઉત્તર લખો.

(36) કોયડા (સમસ્યા) આકૃતિઓ





(37) કોયડા (સમસ્યા) આકૃતિઓ





(38) કોયડા (સમસ્યા) આકૃતિઓ





(39) કોયડા (સમસ્યા) આકૃતિઓ





(40) કોયડા (સમસ્યા) આકૃતિઓ





## વિભાગ-IX

નિર્દેશ : પ્રશ્નનંબર 41 થી 45 સુધીના પ્રશ્નોમાં ડાબી બાજુએ એક સમસ્યા આકૃતિ અને જમણી બાજુએ ચાર ઉત્તર આકૃતિઓ (1), (2), (3) તથા (4) આપેલી છે. સમસ્યા આકૃતિમાં આપેલા કાપેલા ટુકડાથી બનેલ ઉત્તર આકૃતિને શોધો તથા એ ઉત્તર આકૃતિના અંકને સંલગ્ન ઉત્તર-પત્રિકાના પ્રશ્નની આગળ આપેલા બૉક્સમાં લખો.

(41) કોયડા (સમસ્યા) આકૃતિ





(42) કોયડા (સમસ્યા) આકૃતિ





Scanned by CamScanner

(43) કોયડા (સમસ્યા) આકૃતિ



(44) કોયડા (સમસ્યા) આકૃતિ



(45) કોયડા (સમસ્યા) આકૃતિ



## વિભાગ-X

નિર્દેશ : પ્રશ્નનંબર 46 થી 50 સુધીના પ્રશ્નોમાં ડાબી બાજુએ એક સમસ્યા આકૃતિ અને જમણી બાજુએ ચાર ઉત્તર આકૃતિઓ (1), (2), (3) તથા (4) આપેલી છે. આ ઉત્તર આકૃતિને શોધો જેમાં સમસ્યા આકૃતિ છુપાયેલી છે તથા તમારા ઉત્તર આકૃતિના અંક દ્વારા સંલગ્ન ઉત્તર-પત્રિકાના પ્રશ્નની આગળ આપેલા બૉક્સમાં લખો.

(46) કોયડા (સમસ્યા) આકૃતિ



(47) કોયડા (સમસ્યા) આકૃતિ



(48) કોયડા (સમસ્યા) આકૃતિ



(49) કોયડા (સમસ્યા) આકૃતિ



(50) કોયડા (સમસ્યા) આકૃતિ



Scanned by CamScanner

## વિભાગ-2 : અંકગણિત (પ્રશ્ન 51 થી 75)

નિર્દેશ : પ્રત્યેક સવાલ માટે ચાર સંભવિત જવાબ છે. જેને (1), (2), (3) અને (4) ના ક્રમમાં આપવામાં આવ્યા છે. જેમાંથી માત્ર એક જ જવાબ સાચો છે. યોગ્ય જવાબ પસંદ કરી તેની ક્રમ સંખ્યા ઉત્તરપુસ્તિકામાં પ્રશ્ન સંખ્યાના સામે આપેલા બૉક્સમાં લખવા.

(51) ઈ.સ. 1968 ના જાન્યુઆરી ફેબ્રુઆરી તથા માર્ચ મહિનામાં કુલ દિવસો કેટલા ?

(1) 89 (2) 90 (3) 91 (4) 92

(52) 5* + 6* + 4* = 189, હોય તો * ની કિંમત કેટલી હશે ?

(1) 2 (2) 7 (3) 4 (4) એકપણ નહિ

(53) એક રાજ્યમાં 86465 ગામ છે તેમાંથી 57781 ગામોમાં પ્રાથમિક શાળાઓ છે. તો કેટલાં ગામોમાં પ્રાથમિક શાળાઓ નહી હોય ?

(1) 28684 (2) 26684 (3) 25684 (4) 28784

(54) નીચેનામાંથી વિભાજ્ય સંખ્યા કઈ છે ?

(1) 123 (2) 109 (3) 61 (4) 59

(55) 18, 24, 27, 36, 48 નો લ.સા.અ. કેટલો છે.

(1) 432 (2) 433 (3) 434 (4) 435

(56) 25, 73 અને 97 ને કઈ મોટામાં મોટી સંખ્યા વડે ભાગતા દરેક વખતે શેષ સરખી રહે છે

(1) 25 (2) 24 (3) 48 (4) 72

(57) $\frac{17}{21}, \frac{17}{23}, \frac{17}{29}, \frac{17}{25}$ ને ચઢતા ક્રમમાં લખો.

(1) $\frac{17}{23}, \frac{17}{21}, \frac{17}{29}, \frac{17}{25}$ (2) $\frac{17}{29}, \frac{17}{25}, \frac{17}{23}, \frac{17}{21}$

(3) $\frac{17}{25}, \frac{17}{29}, \frac{17}{23}, \frac{17}{21}$ (4) $\frac{17}{21}, \frac{17}{23}, \frac{17}{25}, \frac{17}{29}$

(58) 3.75 ને સાદા પૂર્ણાંક સ્વરૂપે કઈ રીતે લખી શકાય.

(1) $\frac{3}{4}$ (2) $4\frac{3}{4}$ (3) $\frac{15}{5}$ (4) $3\frac{3}{4}$

(59) 7 – {4 + (5 – 2)} નું સાદુ રૂપ આપો.

(1) 1 (2) 2 (3) 0 (4) $\frac{1}{2}$

(60) 0.04 નું વર્ગમૂળ શોધો.

(1) 0.1 (2) 0.2 (3) 0.3 (4) 0.4

(61) a : b = 4 : 5, b : c = 5 : 7 તો a : c ની કિંમત શોધો.

(1) 5 : 6 (2) 6 : 5 (3) 7 : 4 (4) 4 : 7

(62) કઈ રકમના $18\frac{3}{4}$ % ₹ 150 થાય ?

(1) ₹ 600 (2) ₹ 700 (3) ₹ 750 (4) ₹ 800

(63) એક વ્યક્તિની 12 મહિનાની બચત ₹ 300 છે.તો 15 મહિનામાં તેની બચત કેટલી થશે.

(1) ₹ 70 (2) ₹ 150 (3) ₹ 375 (4) ₹ 100

(64) એક ધોરણના 9 છોકરાઓનું સરેરાશ વજન 42 કિગ્રા છે. આ ધોરણમાં એક છોકરો દાખલ થવાથી તેમનું સરેરાશ વજન 42.5 કિગ્રા થાય છે. તો નવો દાખલ થયેલ છોકરાનું વજન કેટલું ?

(1) 45 કિગ્રા (2) 46 કિગ્રા

(3) 47 કિગ્રા (4) 38 કિગ્રા

(65) એક વિદ્યાલય શિયાળામાં 15 ઓક્ટોબરે બંધ થાય છે અને 20 નવેમ્બરે ખુલ્લે છે. તો વિદ્યાલય કેટલા દિવસ માટે બંધ રહ્યું ?

(1) 32 દિવસ (2) 33 દિવસ

(3) 3 દિવસ (4) 36 દિવસ

(66) 60 કિમી/કલાકને મીટર/સેકન્ડમાં ફેરવો.

(1) 1.66 મીટર/સેકન્ડ (2) 1.68 મીટર/સેકન્ડ

(3) 1.69 મીટર/સેકન્ડ (4) 1.70 મીટર/સેકન્ડ

(67) એક કામ 42 વ્યક્તિઓ 15 દિવસમાં પૂર્ણ કરી શકે છે તો 30 વ્યક્તિઓ આ કામ કેટલા દિવસમાં પૂર્ણ કરશે ?

(1) 24 દિવસ (2) 28 દિવસ

(3) 21 દિવસ (4) 20 દિવસ

(68) એક વ્યક્તિ ₹ 23800 માં એક સ્કૂટર વેચી 19 % નફો મેળવે છે. તો તેને કુલ કેટલા રૂપિયા નફો થયો હશે ?

(1) ₹ 4522 (2) ₹ 4000 (3) ₹ 1800 (4) ₹ 3800

(69) કેટલા સમયમાં 10% ના સાદા વ્યાજે મુકેલી રકમ ત્રણ ગણી થાય ?

(1) 10 વર્ષ (2) 15 વર્ષ (3) 17.5 વર્ષ (4) 20 વર્ષ

(70) એક ચોરસની પરિમિતિ 36 મીટર હોય તો તે ચોરસનું ક્ષેત્રફળ કેટલું હોય ?

(1) 9 મીટર$^2$ (2) 36 મીટર$^2$

(3) 81 મીટર$^2$ (4) 360 મીટર$^2$

(71) 70, 72, 438 માં 2 ની સ્થાનકિંમત કેટલી છે ?

(1) 2000 (2) 20 (3) 200 (4) 20, 000

(72) 9 – 65 ÷ 13 + 4 = ................

(1) 8 (2) 0 (3) 18 (4) 9

(73) નીચેના પૈકી કઈ સંખ્યા 4 નો અવયવી છે.

(1) 6 (2) 10 (3) 14 (4) 28

(74) નીચેના પૈકી કઈ સંખ્યાને 3 વડે નિ:શેષ ભાગી શકાય.

(1) 1781 (2) 691 (3) 1116 (4) 14411

(75) સંખ્યા રેખા પર 7 ની ડાબી બાજુએ કઈ સંખ્યા આવે ?

(1) 12 (2) 6 (3) 8 (4) 9

Scanned by CamScanner

## વિભાગ-3 : ભાષા (ગુજરાતી) (પ્રશ્ન 76 થી 100)

નિર્દેશ : આ વિભાગમાં પાંચ ફકરા (ગદ્યખંડ) છે. દરેક ફકરાના 5 – 5 પ્રશ્નો છે. દરેક ફકરાને ધ્યાનપૂર્વક વાંચી આપેલા પ્રશ્નોના ઉત્તર આપો. દરેક પ્રશ્નના ચાર સંભવિત ઉત્તરો (1), (2), (3) અને (4) ના ક્રમમાં આપેલા છે. જેમાંથી માત્ર એક જ ઉત્તર સાચો છે. યોગ્ય ઉત્તરનું ચયન કરી, તેની ક્રમ-સંખ્યા ઉત્તર-પુસ્તિકામાં સંબંધિત પ્રશ્ન-સંખ્યા સામે આપેલા બૉક્સમાં લખવાની છે.

### ફકરો : 1

તમે જ્યારે રાત્રે સ્વચ્છ આકાશ સામે જુઓ છો ત્યારે તમને દૂર - દૂર હજારો તારાઓ ટમટમતા દેખાય છે. તારાઓને જોઈને એવું લાગે છે કે કોઈ તેમને આકાશમાં ચોટાડ્યા ન હોય ? કેટલીક વાર તમને આશ્ચર્ય થતું હશે કે તારાઓ એક જ જગ્યા પર કેવી રીતે રહેતા હશે. નીચે પડી કેમ જતા નથી ? સાચી વાતતો એ છે કે તારાઓ વાસ્તવિક રીતે એક જ જગ્યાએ સ્થિર હોતા નથી. જેમ પૃથ્વી અને અન્ય આઠ ગ્રહો સૂર્યની આસપાસ પોત પોતાની કક્ષામાં ફરે છે તેમ તારાઓ પણ ધીરે ધીરે તેમની કક્ષામાં ફરે છે. તમને તારાઓ એક જગ્યાએ સ્થિર લાગે છે કારણ કે તમે તેમને ફરતાં જોઈ શકતા નથી. તેનું કારણ તે અમારાથી હજારો કિલોમીટર દૂર છે. તે જ્યારે ફરતા હોય છે ત્યારે પણ આપણને તે એક જગ્યા પર સ્થિર લાગે છે. આ ઉપરાંત એક બળ છે જેને આપણે ગુરુત્વાકર્ષણ બળ કહીએ છીએ. જેના કારણે તારાઓ પોતાની કક્ષામાં ફરતા રહે છે. અને એકબીજાને અથડાતા નથી.

**(76)** રાત્રે સ્વચ્છ આકાશમાં તમને શું દેખાય છે ? ☐

(1) તારાઓ ધીરે - ધીરે એક કક્ષામાં ફરે છે.

(2) ગ્રહ તેની કક્ષામાં ફરે છે.

(3) દૂર આકાશમાં તારાઓ ટમટમે છે.

(4) તારાઓ એકબીજાની ખૂબ જ નજીક દેખાય છે.

**(77)** આ ફકરામાં કયાં આશ્ચર્યજનક સત્યનો ઉલ્લેખ કરેલ છે ? ☐

(1) તારાઓ આકાશમાં ચોટાડી દેવામાં આવ્યાં છે.

(2) તારાઓ એક જગ્યા પર સ્થિર નથી.

(3) ગ્રહો સૂર્યની આસપાસ ફરે છે.

(4) ગુરુત્વાકર્ષણ બળ તારાઓને પોતાની જગ્યા પર સ્થિર રાખે છે.

**(78)** આપણે તારાઓને ફરતા જોઈ શકતા નથી કારણ કે... ☐

(1) તે આપણાથી દૂર છે.

(2) તે ટમટમે છે.

(3) ગુરુત્વાકર્ષણ બળે તેમને એક જગ્યાએ સ્થિર કરી દીધા છે.

(4) રાત્રે આકાશ સ્વચ્છ હોતું નથી.

**(79)** 'તે તેમને એકબીજાથી અથડાતા અટકાવે છે.' આ વાક્યમાં 'તે' એટલે ? ☐

(1) આકાશ (2) સૂર્ય

(3) મોટું અંતર (4) ગુરુત્વાકર્ષણ બળ

**(80)** તારાઓ પોતાની કક્ષામાં ફરે છે કારણ .... ☐

(1) તેમની વચ્ચેનું અંતર (2) નીચે પડતા નથી

(3) ધીમી ગતિ (4) ગુરુત્વાકર્ષણ બળ

### ફકરો : 2

રેડક્રોર્સની સ્થાપનાને સો થી વધારે વર્ષો થયા છે. ઈ.સ. 1859માં ઈટલીમાં સોલફરીનોની લડાઈમાં ડ્યુરેન્ટ નામના એક સ્વિટ્ઝરલેન્ડ નિવાસી બેન્કરને તેના માટે પ્રેરણા મળી. ડ્યુરેન્ટને યુદ્ધમાં ઈજાગ્રસ્ત સૈનિકોની દેખરેખ માટે એક સંસ્થા સ્થાપવાનું નક્કી કર્યું તેને લાગ્યુ કે સૈનિક ગમે તે પક્ષનો હોય પરંતુ તેની સારવાર અવશ્ય થવી જોઈએ. આ ઉદ્દેશ્ય માટે ડ્યુરેન્ટે ઈ.સ. 1864માં સ્વિટ્ઝરલેન્ડના જીનિવા શહેરમાં એક સમિતિની રચના કરી. તેને ઈ.સ. 1901માં શાન્તિ માટે પ્રથમ નોબલ પારિતોષિક આપવામાં આવ્યું. રેડક્રોસના ધ્વજમાં સફેદ પૃષ્ઠભૂમિ પર લાલ ક્રોસનું ચિહ્‌ન બનાવ્યું છે. જે સ્વિટ્ઝરલેન્ડના ધ્વજનું ઉલ્ટું છે.

**(81)** સોલફરીનોની લડાઈ ક્યારે થઈ હતી ? ☐

(1) ઈ.સ. 1859માં (2) ઈ.સ. 1864માં

(3) ઈ.સ. 1901માં (4) ઈ.સ. 1959માં

**(82)** રેડક્રોસની સ્થાપનામાં ઉદ્દેશ કયો હતો ? ☐

(1) ગરીબ લોકોને સારવાર આપવી

(2) નોબલ શાંતિ પુરસ્કાર માટે પૈસા ભેગા કરવા

(3) ઈજાગ્રસ્ત સૈનિકો માટે સારવારની વ્યવસ્થા કરવી

(4) વિજયી પક્ષના સૈનિકો માટે સારવારની વ્યવસ્થા કરવી

**(83)** જ્હોન હેનરી ડ્યુરેન્ટ ........ ☐

(1) ડૉક્ટર હતો. (2) ઈટલીનો સૈનિક હતો.

(3) સ્વિટ્ઝરલેન્ડનો સૈનિક હતો. (4) સ્વિટ્ઝરલેન્ડનો બેંકર હતો.

**(84)** ડ્યુરેન્ટને નોબલ પુરસ્કાર શેના માટે આપવામાં આવ્યો ? ☐

(1) શાંતિ માટે

(2) યુદ્ધ માટે

(3) રેડક્રોસ માટે

(4) સ્વિટ્ઝરલેન્ડનો બેન્કર હતો માટે

**(85)** સ્વિટ્ઝરલેન્ડના ધ્વજમાં છે ........ ☐

(1) સફેદ પૃષ્ઠભૂમિ પર લાલ ક્રોસ

(2) લાલ પૃષ્ઠભૂમિ પર સફેદ ક્રોસ

(3) સફેદ પૃષ્ઠભૂમિ પર સફેદ ક્રોસ

(4) લાલ પૃષ્ઠભૂમિ પર લાલ ક્રોસ

### ફકરો : 3

એકવાર સ્વામી વિવેકાનંદ કાશીમાં કંઈક જઈ રહ્યા હતા જ્યાં એક બાજુ ઊંડું તળાવ અને બીજી બાજુ ઊંચી દીવાલ હતી. આ સ્થાન પર ઘણા બધા વાંદરાઓ રહેતા હતા. કાશીના વાંદરા ખૂબ જ શેતાન હોય છે. વાંદરાઓએ આ સાંકડા રસ્તામાં વિવેકાનંદને ઘેરી લીધા અને કરડવા માટે દોડ્યા સ્વામી વિવેકાનંદ ડરના માર્યા દોડવા લાગ્યા. વાંદરાઓ ખૂબ ભયંકર રીતે તેમના પર તરાપ

Scanned by CamScanner

મારવા માંડ્યાં તેમનું ત્યાંથી બચવું મુશ્કેલ થઈ ગયું. તે સમયે એક અપરિચિત વ્યક્તિનો અવાજ આવ્યો અને કહ્યું કે વાંદરાઓનો સામનો કરો. સ્વામી વિવેકાનંદમાં હિંમત આવી ગઈ અને આત્મવિશ્વાસથી તે ત્યાં ઊભા થઈ ગયા અને વાંદરાઓ તરફ સખત નજરે જોવા લાગ્યા. તેમનું સાહસ જોઈ વાંદરાઓમાં નાસભાગ થઈ ગઈ. વિવેકાનંદ ત્યાંથી સહીસલામત પાછા આવ્યાં આમાંથી આપણને એ સાર મળે છે કે જે ખતરનાક છે તેમનો સામનો કરો. સાહસપૂર્વક તેમની સામે ઊભા રહો. તમારું સાહસ જોઈને તેમને ભાગવું પડશે. સમસ્યાઓથી ડરશો તો તમારે દોડવું પડશે.

(86) કાશીમાં જઈ રહ્યા હતાં.

(1) સ્વામી વિવેકાનંદ (2) સ્વામીજી

(3) કૃષ્ણજી (4) પરમાનંદજી

(87) તળાવની પાસે કોણ રહેતું હતું ?

(1) બકરી (2) ગાય (3) વાંદરા (4) રાક્ષસ

(88) વાંદરાઓ એ કોને ઘેરી લીધા ?

(1) સ્વામીજીને (2) સ્વામી વિવેકાનંદને

(3) તળાવને (4) ભક્તોને

(89) સ્વામી વિવેકાનંદ કોનાથી ડરીને દોડવા લાગ્યા ?

(1) વાંદરાઓથી (2) સાંપથી

(3) કૂતરાઓથી (4) બિલાડીઓથી

(90) આમાંથી આપણને શું સાર મળે છે ?

(1) આંખ બંધ કરી દો.

(2) ડરીને બેસી જાવ.

(3) જે ખતરનાક હોય તેનો સામનો કરો.

(4) આપેલમાંથી એકપણ નહીં.

## ફકરો : 4

તાજમહેલ ઉત્તરપ્રદેશના આગ્રા નામના નગરમાં યમુના નદીના જમણાં કાંઠા પર બનાવવામાં આવેલો છે. તેનું નિર્માણ મુઘલ શાસક શાહજહાંએ તેની પ્રિય બેગમ મુમતાઝ મહેલના મૃત્યુ બાદ તેની યાદમાં કરાવ્યું હતું. તાજમહેલનું નિર્માણ ઈ.સ. 1631માં શરૂ થયું અને ઈ.સ. 1653માં પૂરુ થયું. તાજમહેલ સફેદ આરસપહાણથી બનેલ ભવ્યાતિભવ્ય ખૂબ જ વિશાળ અને સુંદર છે. તેની મધ્યમાં એક વિશાળ ઘુમટ અને ચારે ખૂણાઓ પર ચાર મિનારા બનાવ્યા છે. તાજમહાલના પટાંગણમાં એક વિશાળ બગીચો પણ છે. જેમાં ફુવારા પણ મૂકવામાં આવ્યા છે. શરદ પૂનમની રાતે તાજમહેલની શોભા અનેરી હોય છે. આ દિવસે તે દૂધ જેવો સફેદ દેખાય છે. તાજમહેલને જોવા માટે દરરોજ દેશ-વિદેશથી હજારોની સંખ્યામાં પર્યટકો આવે છે.

(91) તાજમહેલ શાહજહાંએ કોની યાદમાં બનાવડાવ્યો હતો ?

(1) નૂરજહાં (2) મુમતાઝ (3) જોધાબાઈ (4) મીરાબાઈ

(92) તાજમહેલ કઈ સાલમાં તૈયાર થયો ?

(1) ઈ.સ. 1653માં (2) ઈ.સ. 1631માં

(3) ઈ.સ. 1636માં (4) ઈ.સ. 1652માં

(93) તાજમહેલ શેનો બનેલો છે ?

(1) સફેદ આરસપહાણથી (2) સફેદ સિમેન્ટમાંથી

(3) ઈંટ અને સફેદ રંગથી (4) પથ્થરો અને સફેદ રંગોથી

(94) તાજમહલ કઈ નદીના તીરે આવેલો છે ?

(1) ગંગા (2) સતલજ (3) યમુના (4) કાવેરી

(95) શરદ પૂર્ણિમાની રાત્રે તાજમહલ કેવો દેખાય છે ?

(1) દૂધના જેવો સફેદ (2) પાણીના જેવો ભૂરો

(3) (1) અને (2) બંને (4) આમાંથી એકપણ નહીં

## ફકરો : 5

બેરોજગારી ભારતની મુખ્ય સમસ્યા છે. આજે દેશમાં ભણેલા લાખો યુવાનો નોકરી માટે અહીં તહી ભટકી રહ્યા છે. વધુ ભણેલા લોકોને એવા કામ કરવા પડે છે. કે તેના માટે બી.એ. કે એમ.એ.ની પરીક્ષા પાસ કરવાની કોઈ જરૂર જ હોતી નથી. જેવી કે શાકભાજીની દુકાન ખોલવી, જનરલ સ્ટોર ખોલવો વગેરે. આમ યુવાનોના ખૂબ પૈસા અને સમય ભણવામાં વ્યર્થ બરબાદ થઈ જાય છે. એટલા માટે રોજગાર મળે તેવું ભણતર ભણવું જોઈએ ધોરણ-10 કે ધોરણ - 12 પાસ કરી રોજગાર મળે તેવા પ્રશિક્ષણ કોર્સમાં પ્રવેશ લઈ લેવો જોઈએ. જેમ કે આઈ.ટી.આઈ.નો કોઈ પણ કોર્સ, મધમાખી પાલન, પશુપાલન, મરઘાપાલન, ખેતના યંત્રોની મરામત કરવી, બ્રેડ-બિસ્કીટ બનાવવા માટેનુ પ્રશિક્ષણ, કમ્પ્યૂટરના વિવિધ કોર્સ વગેરે. આ પ્રકારના કોર્સ કર્યા પછી નોકરી પ્રાપ્ત કરી શકાય છે. અથવા પોતાનો લઘુ ઉદ્યોગ શરૂ કરી શકાય છે. આજકાલ સરકાર આવા લઘુ ઉદ્યોગો માટે લોન પણ આપે છે. આમ ભણતર રોજગાર અપાવનાર બને તો ભારતમાં બેરોજગારી ઓછી કરી શકાય.

(96) ખૂબ ભણ્યા પછી જ્યારે યુવકોને નોકરી મળતી નથી ત્યારે

(1) માનસિક તણાવ રહે છે. (2) પૈસાનો બગાડ થાય છે.

(3) નોકરી શોધવી પડે છે. (4) ઉપરોક્તમાંથી એકપણ નહિ

(97) બેરોજગારી દૂર કરવાનો સરળ ઉપાય છે ?

(1) સરકારી નોકરી

(2) પ્રાઈવેટ નોકરી

(3) ખેતી કરવી

(4) રોજગાર મળે તેવું પ્રશિક્ષણ લેવું

(98) ભારતની મુખ્ય સમસ્યા છે.

(1) આતંકવાદ (2) જાતિવાદ

(3) આર્થિકતંગી (4) બેરોજગારી

(99) ધોરણ -10 કે ધોરણ -12 પાસ કરી કયા પ્રકારના કોર્સ કરવા જોઈએ ?

(1) ધંધાકીય કોર્સ (2) રોજગાર પ્રશિક્ષણ કોર્સ

(3) માર્કેટિંગ કોર્સ (4) એકપણ નહીં

(100) લઘુ ઉદ્યોગમાં આવે છે ?

(1) સિગરેટ ફેક્ટરી (2) કપડાની ફેક્ટરી

(3) મીણબત્તીની ફેક્ટરી (4) આપેલ તમામ

Scanned by CamScanner